# રણછોડપુરા ગ્રામજનોની માંગ સામે તંત્રએ નમતું જોખ્યું

## પ્રાંતિજના રણછોડપુરા ખાતે શાળા ખોલવા આવેલ શિક્ષકોને ગ્રામજનો દ્વારા શાળાના તાળાં ના ખોલવા દેતાં હોબાળો

પ્રાંતિજ તા.૧૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના રણછોડ પુરા ખાતે ગ્રામજનો દ્વારા રણછોડ પુરા શાળા ને તાળાં બંધી કરતાં હોબાળો થતાં હોબાળા બાદ



અધિકારીઓ રણછોડપુરા ખાતે દોડી આવ્યા.

પ્રાંતિજના રણછોડ પુરા ખાતે ગ્રામજનો દ્વારા શાળામાં આવેલ શિક્ષકોના નબળા શિક્ષણ ને લઈને લેખિત તથા મૌખિક રજુઆતો કરવામાં છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી હાથના ધરાતાં આખરે વેકેશન ખુલ્યા ના બે દિવસ પહેલાં ગ્રામજનો દ્વારા શિક્ષિણ વિભાગના અધિકારીઓની હાજરીમાં શાળાને તાળાં બંધી કરી હતી અને આજે વેકેશન ખુલતાં શિક્ષકો શાળાએ આવતાં શિક્ષકોને તાળાં ખોલવા જતાં ફરી હોબાળો થયો હતો અને ગ્રામજનો દ્વારા શાળાના તાળાંના ખોલવા દેતાં જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ.ઉપાધ્યાય, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.કે.પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે.વાઘેલા સહિત બી આર સી, સી આર સી સહિત દોડી આવ્યા હતાં અને ત્રણ કલાક ની જહેમત બાદ આખરે ગ્રામજનોની હઠાગ્રહ ને લઈને તંત્ર એ નમતું જોખીને ત્રણ શિક્ષકોની બદલી કરવાનું જણાવતા આખરે મામલો ઠારે પડ્યો



હતો અને ગ્રામજનોએ શાળાએ મારેલ તાળાં ખોલી શિક્ષકોને શાળામાં પ્રવેશ આપ્યો હતો અને આજથી શિક્ષણ કાર્ય રાબેતા મુજબ ચાલું કરવામાં આવ્યું હતું.

# કેલાવા પ્રાથમિક શાળાને વાલીઓએ તાળાબંધી કરી

## બાળકોને શાળામાં જવા ના દીધા : જર્જરીત શાળાનું સમારકામ ન થતા વાલીઓમાં રોષ

હિંમતનગર, તા. ૧૧

વિજયનગર તાલુકાના કેલાવા ગામે આવેલ પ્રાથમિક શાળાનું મકાન ખૂબ જ જર્જરિત હોવાને કારણે બાળકો પર મોત ભમી રહ્યું છે. ત્યારે થોડા દિવસ અગાઉ વાલીઓએ સંલગ્ન વિભાગના અધિકારીઓને શાળાના ઓરડાઓની મરામત કરવા માટે લેખિત રજૂઆત કરી હતી અને જો સત્ર શરૂ થાય તે પહેલા મરામતનું કામ શરૂ નહીં થાય તો શાળાને તાળાબંધી કરવાની ચીમડી આપી હતી. દરમિયાન સમારકામ ન કરાતા સોમવારે સત્રના પ્રથમ દિવસે વાલીઓએ શાળાને તાળાબંધી કરી બાળકોને શાળામાં જવા દીધા ન હતા.

આ અંગે ગામના અગ્રણી ઈશ્વરભાઈ પટેલ, રમણભાઈ પરમાર તથા અન્ય વાલીઓના જણાવ્યા મુજબ વિજયનગર તાલુકાના કેલાવા ગામે આવેલ પ્રાથમિક શાળામાં બે ઓરડામાં ૧ થી ૬ ધોરણ ચાલે છે જેના કારણે ચાર ધોરણના વિદ્યાર્થીઓને રૂમની બહાર અથવા તો શાળાના ચોગાનમાં બેસીને બે શિક્ષકો બાળકોને ભણાવે છે. તેથી સમજી શકાય છે કે કેલાવા પ્રાથમિક શાળામાં ભણતા ૧૦૦થી વધુ બાળકોને કેવું શિક્ષણ મળતું હશે ?

બીજી તરફ કેલાવા પ્રાથમિક શાળાના બંને ઓરડા ખૂબ જ જૂના હોવાને કારણે જર્જરિત બની ગયા છે. ભૂતકાળમાં ઓરડાની છતમાંથી કાટમાળ કે પોપડા ચાલુ શાળાએ પડ્યા હોવાની ઘટના અંગે વાલીઓમાં ખૂબ જ રોષ છે. જેથી થોડા સમય અગાઉ કેલાવા પ્રાથમિક શાળાનું સમારકામ કરવા માટે વાલીઓ મામલતદારને આવેદનપત્ર આપીને શાળાનું સમારકામ કરવા માટે રજૂઆત કરાઈ હતી. પરંતુ તા. ૧૧ જુને નવુ સત્ર શરૂ થવા છતાં મરામતનું કામ શરૂ ન કરાતા સોમવારે સત્રના પ્રથમ દિવસે ગામના અગ્રણીઓ અને વાલીઓએ શાળાના દરવાજા આગળ આવી જઈ મુખ્ય દરાવાજાને તાળું મારી દીધું હતું. જોકે આ અંગે સંલગ્ન વિભાગના અધિકારીઓ શાળાનો સમય પૂરો થવા છતાં કોઈ ફરક્યાં ન હોવાનું ગ્રામજનોનું કહેવું છે. તેથી વરસાદ શરૂ થાય તે પહેલા શાળાનું સમારકામ કરાવવું જોઈએ.



## અરવલ્લી જીલ્લાના શાળાના સંકુલો બાળકોના કલરવથી ગુંજી ઉઠ્યા

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ૩૫ દિવસીય ઉનાળુ વેકેશન પૂર્ણ થતા સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતા અંદાજે ૩૦૦૦ જેટલી સરકારી અને ખાનગી શાળાઓના સંકુલો બાળકોના કોલાહલ થી ગુંજી ઉઠ્યા હતા સાથેજ મોડાસામાં સવારથી માર્ગો સ્કૂલે જતા બાળકો,સ્કૂલ વર્ધીની રીક્ષા,વાન,સ્કૂલ બસ તેમજ છાત્રોની સાઈકલો અને મોપેડથી રસ્તાઓ ધમધમી ઉઠતા ૩૫ દિવસથી શાંત જણાતું શહેર અને માર્ગો પર ઉત્સાહ વર્તાતો હોય તેવો અહેસાસ અનુભવાતો હતો.જુનિયર કેજી અને પ્રથમ ધોરણમાં પ્રવેશનાર બાળકોની ભણતરની દુનિયામાં પ્રવેશ થતા બાળકોના ચહેરા પરના હાવભાવ અને બાળ સહજ મસ્તી ઠેર ઠેર શાળાના સંકુલોમાં નજરે ચઢતી હતી.

# ભિલોડા તાલુકાના શૈક્ષણિક સંકુલો બાળકોના કલરવથી ગુંજી ઉઠ્યા

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના શૈક્ષણિક સંકુલો વિદ્યાર્થી બાળકોના કલરવથી ગુંજી ઉઠ્યા હતા.૩૫ દિવસનું ઉનાળુ વેકેશન પુર્ણ થતાં આજે તા.૧૧ ને સોમવારથી નવિન શૈક્ષણિક સત્રનો શુભારંભ થતાં શૈક્ષણિક સંકુલો બાળકોના કલરવથી ગુંજી ઉઠ્યા હતા.આજે વહેલી સવારથી જ ઠેર-ઠેર માર્ગો ઉપર વિદ્યાર્થીઓ,સ્કુલ વાન,સ્કુલ બસ,વિદ્યાર્થીઓની સાયકલોની અવર-જવર માર્ગો ઉપર વધતાં ધમધમી ઉઠ્યા હતા.ઉનાળાના વેકેશન દરમ્યાન સુમસામ ભાસતા શૈક્ષણિક સંકુલો વિદ્યાર્થી બાળકોના કોલાહલથી ગુંજી ઉઠ્યા હતા.વિદ્યાર્થીઓ,વાલીઓ,શિક્ષકામાં ઉત્સાહ વર્તાતો હોય તેવો હોય અનુભવાતો હતો.વિવિધ શૈક્ષણિક સંકુલોમાં નવિન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તિલક કરી ગોળધાણા ખવડાવી પ્રવેશ અપાવ્યો હતો.નવિન શૈક્ષણિક સત્રનો શુભારંભ થતાં સ્ટેશનરી,સ્કુલ યુનિફોર્મ,સ્કુલ બેગના વેપારીઓની દુકાનોમાં ધરખમ તેજી જોવા મળી હતી.

# ધારાસભ્ય જીગ્નેશ મેવાણીને ઝેડ પ્લસ સુરક્ષાની માંગને સાથે અરવલ્લી કલેક્ટરને આવેદનપત્ર

અરવલ્લી, તા, ૧૧

અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા કલેકટર કચેરી ખાતે સોમવારે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કાર્યકરો અને દલિત આગેવાનો એકઠા થઈ વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીને રવિ પૂજારી નામના યુવકે મોબાઈલ પર જાનથી મારી નાખવાની આપેલી ધમકીના વિરુદ્ધમાં રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ સહિત સાથી સંગઠન ગુજરાત રાજય દ્વારા જીગ્નેશ મેવાણીની સુરક્ષા મુદ્દે ઝેડ પ્લસ કક્ષાની સુરક્ષા આપવાની માંગ અને જીગ્નેશ મેવાણીની સલામતીના પ્રશ્ને મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો હાજર રહી અરવલ્લી જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનને આવેદનપત્ર પાઠવી સરકારશ્રી સુધી અવાજ પહોંચે તે માટે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કાર્યકર અનિલ પરમાર,આનંદ પરમાર, રમેશભાઈ મહેશ્વરી ડેમાઈ, કલ્પેશભાઈ પંડ્યા ડેમાઈ, જીતેન્દ્ર સુતરિયા, સંદીપ પરમારે રજુઆત કરી હતી.

# બનાસકાંઠાના ખેડૂતોને પડતા પર પાટું

# પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાના લાભથી વંચિત ખેડૂતોમાં આક્રોશ

## પાક વીમાના નાણાં વસુલનાર વીમા કંપનીઓને બ્લેક લિસ્ટ કરવાની કલેક્ટરની ચીમકી

સરકાર લોકોને સુખાકારી મળી રહે તે માટે અનેક યોજનાઓ બનાવે છે. પરંતુ સરકારની યોજનાનો સાચો લાભ લાભાર્થી સુધી પોહ્ચતો જ નથી. વાત છે બનાસકાંઠા જીલ્લાની કે જ્યાં ૨૦૧૫ અને ૨૦૧૭ માં વિનાશક પૂર આવ્યું. અનેક ખેડૂતો અને પશુપાલકો પાયમાલ થયા. પરંતુ જે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત લોકોના વીમા પ્રીમીયમ ભરાઈ ગયા હોવા છતાં આજદિન સુધી એક પણ ખેડૂતને આ વીમા યોજના અંતર્ગત પાક વીમાના નાણાં મળ્યા નથી. આજે પૂર પીડિતો છેલ્લા બે વર્ષ થી પાક વીમાના નાણાં મેળવવા માટે વલખા મારી રહ્યા છે.

સરહદી બનાસકાંઠા જીલ્લામાં આવેલા બે પૂર ના કારણે જીલ્લાના ખેડૂતોની હાલત કફોડી છે. પૂર બાદ સરકાર દ્વારા જાહેર કેરલા પેકેજની સામાન્ય મદદ ખેડૂતો સુધી પોહચી. પરંતુ જે નાણાં પર તેમનો હક છે તે નાણાં તેમના સુધી પોહ્ચ્યા નથી. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત જે ખેડૂતો એ પાક ધિરાણ બેંકોમાંથી મેળવ્યું તેમના વીમા પ્રીમીયમ તે જ સમયે મુદ્દલ માંથી કાપી લેવામાં આવ્યા. પરંતુ તેનો લાભ ખેડૂતોને મળ્યો નથી. જીલ્લામાં સતત બે વર્ષે ભયાનક પૂર આવ્યું. કરોડો રૂપિયાની સંપતિ પાયમાલ થઈ. પરંતુ વીમા પેટે જે ખેડૂતો વળતર મળવું જોઈએ તે વળતર આજદિન સુધી ખેડૂતોને મળ્યું નથી. જેના કારણે જગતનો તાત છેતરાયા હોવાની અનુભૂતિ કરી રહ્યો છે. વાંરવાર ખેડૂતો સરકારી કચેરીઓ અને બેંકોના ધક્કા પાક વીમા યોજનાનો લાભ મેળવવા ખાય છે. પરંતુ આ મામલે તેમને યોગ્ય દિશા જ મળતી નથી. જેના કારણે બનાસકાંઠાના ખેડૂતો મુશ્કેલીમાં હોવાનું લક્ષ્મણભાઈ નામના ખેડૂતે જણાવ્યું હતું.

આ સમગ્ર મામલે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ દ્વારા વિધાનસભામાં ખેડૂતોના આ પ્રશ્ન પણ પૂછવામાં આવ્યો. આ સમગ્ર મામલે સરકાર ને જાણકારી આપી પરંતુ આજદિન સુધી આ મામલે કોઈ હકારાત્મક વલણ આવ્યું નથી. વારંવાર ખેડૂતો અને સ્થાનિક નેતાઓ આ મામલે સત્તાધારી અધિકારીઓને ફરિયાદ કરે છે. પરંતુ આજદિન સુધી તેનો કોઈ નિકાલ આવ્યો નથી. જગતના તાતના પરસેવાના નાણાં પ્રીમીયમ રૂપે બેંકો અને વીમા કંપનીઓ દ્વારા લેવાયા. પરંતુ જે નાણાં તેમને પ્રીમીયમ રૂપે લીધા છે તેનો લાભ ખેડૂતોને મળ્યો ન હોવાનો એકરાર પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલએ કર્યો હતો.

આ સમગ્ર મામલે હજુ કોઈ નક્કર કામગીરી થઈ નથી. અનેક એવા ખેડૂતો છે જે પાક વીમાના નાણાં મેળવવા માટે સરકારી કચેરીમાં પગથીયા ઘસે છે. પરંતુ પરિણામ મળતું નથી. વીમા કંપનીઓ આ સમગ્ર મામલે હજુ કોઈ નક્કર કામગીરી કરી નથી. જયારે જીલ્લા કલેકટર આ મામલે જે ખેડૂતોને પાક વીમાના પ્રીમીયમ કપાયા છે અને લાભ મળ્યો નથી. તે લોકોને લાભ મળે તે માટે કાર્યવાહી થશે. જો પ્રીમીયમ કાપ્યા બાદ ખેડૂતોને પાક વીમા ના નાણાં નહી મળે તો સરકારમાં રીપોર્ટ કરી આ વીમા કંપનીઓને બ્લેક લીસ્ટ કરવાની કામગીરી પણ કરવામાં આવશે તેવી ચીમકી જિલ્લા કલેક્ટર સંદીપ સાંગલેએ ઉચ્ચારી હતી.



## એલસીબી પોલીસે ડીસામાંથી વિદેશી દારૂ ભરેલ સ્વિફ્ટ ગાડી ઝડપી

ડીસા ઈસ્કોન મોલ પાસે નાકાબંધી કરી GJ.24. AA.5749 નંબરની સ્વીફ્ટ કારને આંતરી તલાશી લેતા આ કારમાંથી ૮૨,૨૦૦ રૂપિયાની કિંમતનો ૭૮૦ બોટલ દારૂ મળી આવતા એલસીબી પોલીસે પાંચ લાખની કિંમતની કાર સહિત કુલ ૫,૮૨,૨૦૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ સાથે ગાડીમાં બેઠેલા રાજસ્થાનના જાલોર જિલ્લાના ચીમનગઢ ગામના દિનેશભાઈ સોનાજી ચૌધરીને ઝડપી લીધો હતો જ્યારે અમરતભાઈ હીરાભાઈ ચૌધરી નાસી છૂટતા આ બંને શખ્સો વિરુદ્ધ ડીસા ઉત્તર પો.સ્ટે.માં પ્રોહિબિશન એકટ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

## રતનપુર પાસે ઉમરદશી પુલ પરથી ટ્રક નીચે ખાબક્યો

પાલનપુર- અંબાજી હાઈવે ઉપર રતનપુર ગામ નજીક ઉમરદશી નદી પર પુલ બાંધવામાં આવ્યો છે. જોકે, આ પુલની બંને તરફની રેલીંગો જર્જરિત બની ગઈ છે. પરંતુ તંત્રએ બેદરકારી દાખવતાં આ રેલીંગ તોડી ગતરોજ સવારે એક ટ્રક પુલના નીચે ખાબકી હતી. જોકે, સદનસીબે જાનહાની ટળી હતી.

# વાંટડા ટોલ પ્લાઝા નજીક ઓવરટેઈક કરવાની બાબતે ટ્રકચાલક અને કારચાલક બાખડ્યા

મોડાસા, તા. ૧૧

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પર આવેલા મોડાસા તાલુકાના વાંટડા ટોલપ્લાઝા નજીક સોમવારે સવારે ઉદેપુરના ટ્રક ચાલક અને ગાંધીનગરના રહીશ કાર ચાલક વચ્ચે ઓવર ટેઈક કરવા જેવી સામાન્ય બાબતે બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આજુબાજુના ગામડાના લોકો અને વાહનચાલકોના ટોળેટોળા ઉમટ્યા હતા. કારચાલક યુવાન અને તેના મિત્રોને લોકો ચોર લૂંટારુ સમજી બેસતા મામલો ગૂંચવાતા ઘટનાની જાણ શામળાજી પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી કારચાલક યુવાનો-ટ્રકચાલકને શામળાજી પોલીસ સ્ટેશને પહોંચતા ટ્રક ચાલક અને કાર ચાલકે સમાધાન કરી લેતા મામલો થાળે પડ્યો હતો.

# પાલનપુર- દાંતા હાઈવે પર જલોત્રાના દંપતિને લૂંટી લેવાયું

અંબાજીથી બાઈક લઈને આવી રહેલા જલોત્રાના દંપતિને અંધારિયાના બે શખ્સોએ બાઈક પર પીછો કરી રસ્તામાં લૂંટી લીધુ હતુ. તેમજ પરણિતા સાથે બિભત્સ અડપલા પણ કર્યા હતા. આ અંગે પરીણિતાએ વડગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે બંને શખ્સો સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.









## માલપુર ગામે સ્વયંભૂ બંધ પાળી પાંચ પાટીદાર યુવાનોને શ્રદ્ધાંજલિ આપી

રવિવારે મહીસાગર નદીમાં ૫ પાટીદાર યુવકો ડૂબી જતા માલપુર પંથક સહીત અરવલ્લી જિલ્લામાં ભારે ગમગીની છવાઈ હતી રવિવારે મહીસાગર ફાયરબ્રિગેડ ની ટીમ અને સ્થાનિક તરવૈયા ઓની ભારે જહેમત બાદ ૪ યુવકોની લાશ મળી આવી હતી સોમપુરના તૃષિતની લાશ મોડી રાત્રી સુધી ન મળતા સોમવારે વહેલી સવારે ફરીથી શોધખોળ હાથધરાતા સવારના ૯ વાગ્યાના સુમારે તૃષિતની લાશ મળી આવતા પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું માલપુર તાલુકાના ૩ ગામના ૫ પાટીદાર યુવાનો આકસ્મિક મૃત્યુ થતા સ્વયભૂ બંધ પાળી શ્રદ્ધાંજલિ આપી હતું.૫ પાટીદાર યુવાનોની અંતિમક્રિયા સમયે પાટીદાર સમાજના અબાલ,વૃદ્ધ સૌકોઈ હીબકે ચઢ્યા હતા અંતિમવિધિમાં હજ્જારો લોકો જોડાયા હતા. માલપુર તાલુકાના નદીવાળા ગોવિંદપુરના એકજ પરિવારના અને કુળદીપક ૩ યુવાનો ટીસ્કીનો ૧ યુવાન અને સોમપુરનો ૧ યુવાન ૧૫ જેટલા મિત્રો સાથે મહીસાગર નદીમાં નાહવા પડતા મોત નિપજતા પાટીદાર સમાજ સહીત માલપુર પંથક હીબકે ચઢ્યું સોમવારે માલપુર ગામના વેપારીઓ,દુકાનદારો,ફેરિયાઓ અને પ્રજાજનો અને શૈક્ષણિક સંસ્થાઓ એ સ્વયભૂ બંધ પાડી શ્રદ્ધાંજલિ આપી હતું અને માલપુર તાલુકાના પાટીદાર સમાજના ગામડાઓ પણ બંધ રહ્યા હતા અને ૫ યુવાનોની અંતિમવિધિમાં હજ્જારો લોકો જોડાયા હતા ૫ પાટીદાર યુવાનોના મોતથી માલપુર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.